# શહેરમાં સાંજે મૂશળધાર વરસાદ

## ૪૫ મિનિટમાં ૫૬ મી.મી. વરસાદ વરસ્યો : સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : અનેક ઠેકાણે પાણી ભરાયા









ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં સતત બીજા દિવસે મેઘસવારી આવી પહોંચી હતી. સાંજના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા. પળવારમાં જ પવનના સુસવાટા સાથે વરસાદ તુટી પડ્યો હતો. આકાશમાંથી ધોધમાર પાણી વરસતુ હોય તેમ મનમુકીનો મેઘરાજાએ શહેર પર હેત વરસાવ્યુ હતુ. વરસાદના ભારે ઝાપટાના લીધે સેક્ટરોમાં ચોમેર વરસાદી પાણી ભરાઈ ગયુ હતુ. સાંજના સમયે નગરજનોએ વરસાદી મોસમનો આનંદ માણ્યો હતો. અડધો કલાકમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

ગઈકાલે સમી સાંજે વરસાદના ભારે ઝાપટાથી નગરના માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા જ્યારે આજે સતત બીજા દિવસે પણ મેઘરાજાનો મીજાજ કંઈ અલગ જ જોવા મળ્યો હતો. સાંજે ૮ વાગે આકાશમાં ગોરંભાયેલ વરસાદી વાદળો ધોધમાર વરસવાનું શરૂ થતાં પલવારમાં જ નગર આખુ વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ. વરસાદનું જોર તીવ્ર હોવાથી થોડીવારમાં જ શહેરના મુખ્ય માર્ગો તેમજ સેક્ટરના આંતરીક માર્ગો પર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. વરસાદની સાથે પવનનું જોર પણ વધારે હોવાથી રાત્રીના સમયે ઠંડક પ્રસરી હતી.

## વાત ગાંધીનગરની

ભારે વરસાદની આગાહી છતાં ગુરૂવારે સાંજે ધોધમાર વરસાદ ગાજવીજ સાથે પડ્યો હતો. અનેક વૃક્ષો ધરાશયી થયા હતા. જ્યારે નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા અને માર્ગો પર ભૂવા પડ્યાની ફરિયાદો પણ વ્યાપક જોવા મળી હતી.

**ઈ.લોકાર્પણ અને ઈ.ખાત મુહૂર્તની બોલબાલા**

કોરોના કાળ કેટ કેટલા પરિવર્તનો લાવશે તે તો ઈતિહાસ કહેશે પરંતુ આજકાલ સભાઓ, સમારંભો, મેળા અને મહોત્સવો બધુ જ ઓનલાઈન. કાર્યક્રમો અને કવિ સંમેલનો તો ઝુમ પર કે ફેસબુક લાઈવ પર ધુમ મચાવે છે. પરંતુ હવે સરકારી યોજનાઓના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ ઓનલાઈન થઈ રહ્યા છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી મુખ્યમંત્રી ઈ.લોકાર્પણ કરીને વિકાસને ગતિ આપે છે અને સાથે સાથે મંડપ-ડેકોરેશન-સાઉન્ડ અને પેટ્રોલના ધુમાડા અટકી ગયા. અભિગમ સારો કે ખોટો એ સમય પર છોડીએ પણ સમયને સન્માન આપવાનું તો ચોક્કસ ગણી શકાય.

**શહેરની આસપાસ જમીનોના સોદા બહુ પડે છે**

કોરોનાએ સમાજજીવનને હચમચાવી નાખ્યું છે એ વાતની ના નહીં પરંતુ વ્યાજ અને ભ્રષ્ટાચાર ગમે તેવા કપરા કાળમાં રાત-દિવસ બે રોકટોક વધતા જ રહે છે વહીવટ અને વ્યવહારમાં આવતા ચિક્કાર નાણાં ક્યાંકને ક્યાંક ઠેકાણે પાડવાના હોય છે. એ રાજકીય આગેવાનો હોય કે સનદી અધિકારીઓ હોય. ગાંધીનગરની આસપાસ મોટાપાયા પર જમીનો ખરીદે છે. ખાસ કરીને ગાંધીનગર-અમદાવાદ વચ્ચે કે ગાંધીનગર-કલોલની વચ્ચે હમણાં-હમણાં જમીનોના બહુ જ સોદા પડ્યા છે.

**સીબીએસસીના પરિણામમાં પોબારા**

સીબીએસસીના ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરતા શહેરના વિદ્યાર્થીઓ ખુશખુશાલ થયા હતા. શહેરમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલી શાળાઓમાં સીબીએસસીનું સીલેબસ ભણાવાય છે પરંતુ તે બધી જ શાળાઓનું પરિણામ ૯૦ ટકાથી ઉપર આવ્યું છે અને વિદ્યાર્થીઓને પણ માર્કસ ખુબજ ઉદારતાપૂર્વક અપાયા હોવાનું પ્રતિત થાય છે. હવે લગભગ બધાજ પરિણામો જાહેર થઈ ચુક્યા છે ત્યારે નવા શૈક્ષણિક સત્રનો આરંભ ક્યારે થશે તે તો માત્ર 'કોરોના દેવ' જ જાણે..!!

**આજે કેન્દ્રિય આરોગ્ય ટીમ આવે છે**

રાજ્યમાં વધતા કોરોના સંક્રમણને પગલે કેન્દ્ર સરકારની ઉચ્ચ કક્ષાની વધુ એક ટીમ ગુજરાતની મુલાકાતે આવે છે. સવારે સુરત, અમદાવાદ અને સાંજે ગાંધીનગરની મુલાકાત લેશે. ટીમમાં નીતિ આયોગના સભ્ય વિનોદ પાલ, આઈસીએમઆરના ડાયરેક્ટર ડૉ. બલરામ ભાર્ગવ, એઈમ્સના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરીયા અને હેલ્થ મીનીસ્ટ્રીના અધિક સચિવ શ્રીમતી આરતી આહુજાનો સમાવેશ થાય છે.

**શહેરના છ તબીબોએ કોરોનાને મ્હાત આપી**

ગાંધીનગર શહેરમાં આજ સુધી છ તબીબો કોરોનાથી સંક્રમિત થયા છે. ડૉ. અરૂણ મકવાણા, ડૉ. દિક્ષિત પટેલ, ડૉ. શશી મુંદ્રા, ડૉ. દ્રોણ ત્રિવેદીએ કોરોનાને હરાવ્યો છે. જ્યારે ડૉ. પરેશ ગજ્જરને પણ આજે રજા અપાઈ છે. જ્યારે ડૉ. વિપુલ ઠક્કર સારવાર મેળવી રહ્યા છે જેમને એકાદ-બે દિવસમાં રજા અપાશે.

**'અર્ક' આજનો...**

'સમર્થન' અને 'વિરોધ' માત્ર વિચારોનો હોવો જોઈએ, વ્યક્તિનો નહિ..!

# શહેરમાં ભેળવાયેલ નગરપાલિકા અને ૧૮ ગામનો ચાર્જ સંભાળવા સમય માંગતુ મનપા

## ૧૦ દિવસ બાદ પંચાયત ૮ તલાટીઓની સેવાઓ જિલ્લામાં પરત લેવા માટે મક્કમ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાએ નવા ભેળવવામાં આવેલ ૧૮ ગામ તેમજ ૧ નગરપાલિકાનો ચાર્જ વિધિવત્ સંભાળવામાં હજુ ૧૦ દિવસ જેટલો સમય લાગશે તેવી સ્પષ્ટ વાત ગઈકાલે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં કહી હતી.

જિલ્લા કલેક્ટરને દરમ્યાનગીરી કરી મનપા અને પંચાયતની આ મડાગાંઠને ઉકેલવા માટે સરકારમાંથી સૂચના મળ્યા બાદ ગઈકાલે મોડી સાંજે ત્રણેય પાંખોના માત્ર વરિષ્ઠ અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં ૧૦ દિવસના સમયગાળા બાદ પંચાયત વિભાગ આ ગામોમાં ફરજ બજાવતા ૮ જેટલા તલાટી કમ મંત્રીઓને જિલ્લામાં પરત બોલાવાશે. જ્યારે બાકી રહેલા તલાટીઓ પંચાયતો દ્વારા જે વિકાસ કામો ચાલી રહ્યા છે તેનુ માત્ર મોનીટરીંગ કરશે.

આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, સમાજકલ્યાણ સહિતની સેવાઓ હમણાં પંચાયત વિભાગ દ્વારા ચાલુ રાખવામાં આવશે.

મનપા દ્વારા આ ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર ઘન કચરા નિકાલ સહિતની કામગીરીનું સંચાલન ઝડપથી શરૂ કરશે. આ ઉપરાંત જે કંઈ ચુકવણાં કરવાના થતા હોય તે કામગીરી પણ ઝડપી બનાવાશે.

આ વિસ્તારોમાં પેયજળ, વરસાદી પાણીના નિકાલ સહિતની વિવિધ બાબતોના પ્રસ્નો મનપાના તંત્રએ ઝડપથી ઉકેલવાના રહેશે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક મળી તે પૂર્વે મેયર રીટાબેન પટેલે પણ ડીડીઓ અને કમિશનરની બેઠક બોલાવી પ્રશ્નોના ઉકેલ માટે ઝડપી અમલવારી થાય તે દિશામાં મહત્વના સૂચનો કર્યા હતા. જો કે આ પછી મોડી સાંજે કલેક્ટરની બેઠકમાં જ આ અંગેના નિર્ણયો કલેક્ટરની કડક સૂચનાથી લેવાયા હોવાની વાતો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૨૭.૩૯ ટકા વરસાદ નોંધાયો

## સૌથી વધુ દહેગામ તાલુકામાં ૩૭.૭૯ ટકા જયારે સૌથી ઓછો કલોલમાં ૧૮.૪૮ ટકા વરસાદ : શહેરમાં અંદાજિત ૧૧ ઇંચ વરસાદ થયો

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લામાં ચોમાસા દરમિયાન સિઝનનો ૨૮ થી ૩૨ ઈંચ સરેરાશ વરસાદ થાય છે. જયારે આ સરેરાશ વરસાદના અંદાજ મુજબ જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૨૭.૩૯ ટકા વરસાદ વરસ્યો છે.જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં અને સૌથી ઓછો કલોલ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

સમગ્ર રાજયમાં વરસાદનુ જોર વધુ રહેતા સૌરાષ્ટ્ર સહીતના વિવિધ શહેરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. જો કે હજુ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં મેઘરાજા મુડમાં આવ્યા ન હોવાનુ પણ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જો કે ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો અંદાજિત ૧૧ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ અત્યાર સુધી સિઝનનો સરેરાશ ૨૧૪ મી મી વરસાદ થયો છે. જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ ૨૭.૩૯ ટકા નોંધાયો છે. જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં ૩૧૩ મી મી ૩૭.૭૯ ટકા, ગાંધીનગરમાં ૧૭૮ મી મી ૨૫.૧૦ ટકા કલોલમાં ૧૪૬ મી મી ૧૮.૪૮ ટકા જયારે માણસામાં ૨૧૯ મી મી ૨૭.૧૪ ટકા વરસાદ નોંધાયો છે. ચારેય તાલુકાઓના સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં સિઝનનો ૨૧૪ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત જિલ્લામાં ૨૭.૩૯ ટકા વરસાદ થઈ ગયો છે. જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં અને સૌથી ઓછો વરસાદ કલોલ તાલુકામાં નોંધાયો છે. રાજયમાં સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં વરસાદી હેલીના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વરસાદી વાયરા વચ્ચે કોરોનાનુ જોર : નવા સાત કેસ

## સે-૨૩ , સે-૨૯ , સે-૩, સે-૧૫, સે-૨ બી , સે-૨૭ , જી ઇ બી કોલોનીમાં કોરોનાના નવા કેસ : એલ આઇ સી ના ડીઓ, અમદાવાદમાં નોકરી કરતા બેંક કર્મચારી અને સે-૨૭ માં મોબાઇલની દુકાનના વેપારીને પણ કોરોના

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં કોરોનાનો કહેર અટકવાનુ નામ નથી લેતો શહેરમાં એકબાજુ વરસાદી મોસમ નિખરી છે. ત્યારે રોજબરોજ કોરોનાના નવા કેસો આરોગ્ય તંત્ર માટે ઘેરી ચિંતાનો વિષય બન્યા છે. આજે પણ શહેરમાં નવા સાત કેસો નોંધાયા છે. જયારે શહેરમાં કુલ કેસની સંખ્યા ૩૩૪ પર પહોંચી છે. આજે પણ સે-૨૩, સે -૨૯ , સે-૩ જી ઈ બી કોલોની સે-૨૭ સહીતના વિસ્તારમાં કોરોનાના નવા કેસો ધ્યાને આવ્યા હતા. નાગરિકોએ વધુ સજાગ થવાની અનિવાર્યતા છે.

ગાંધીનગરમાં કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. નાગરિકો અનલોક ટુ ના અંતે સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક પહેરવાના મામલે પણ જાગૃત બન્યા છે. આમછતા રાજયની સાથે પાટનગરમાં પણ કોરોનાનો કહેર વધી રહ્યો છે. ગઈકાલ સુધી શહેરમાં કોરોનાના કેસની સંખ્યા ૩૨૭ હતી જયારે આજે વધુ નવા સાત કેસ ધ્યાને આવતા શહેરમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૩૩૪ થઈ છે. શહેરમાં કોરોનાના કેસ સતત વધતા તંત્ર માટે ચિંતા ઘેરી બની છે. ત્યારે કોરોનાના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે સંપર્ક વ્યકિત સુધી પહોંચવાની પણ કામગીરી વધુ સઘન બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. આજે શહેરમાં નોંધાયેલા સાત નવા કેસો પૈકી સે-૨૩ માં રહેતા હીટાચી કંપનીમાં નોકરી કરતા ૪૮ વર્ષીય પુરુષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જયારે આ યુવાનના ઘરના ત્રણ સભ્યોને હોમ કવોરન્ટાઈન કરાયા છે. આ ઉપરાંત સે-૨૯ માં રહેતા દહેગામના એલ આઈ સી ડેવલપમેન્ટ ઓફિસરને પણ કોરોના થયો છે. જેમના ઘરના ત્રણ સભ્યોએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જયારે જી ઈ બી કોલોનીમાં પણ હવે કોરોના કેસ સામે આવી રહ્યા છે. જેમાં ૫૫ વર્ષીય પુરુષ હેલ્પરને કોરોના થયો છે. આ ઉપરાંત સે-૩ માં રહેતા અને છત્રાલ જી આઈ ડી સી માં નોકરી કરતા ૨૬ વર્ષીય યુવાનને પણ કોરોનાનુ સંક્રમણ લાગ્યુ છે. ઘરના ત્રણ સભ્યોને પણ કવોરન્ટાઈન કરાયા છે. જયારે સે-૧૫ એલ ડી આર પી માં નોકરી કરતા ૩૯ વર્ષીય યુવાનને કોરોના પોઝીટીવ હોવાનુ ધ્યાને આવ્યુ છે.તેમના ઘરના કુલ ચાર સભ્યો છે. સે-૨ બી માં પણ અમદાવાદ આઈ સી આઈ સી બેંકમાં નોકરી કરતા ૩૧ વર્ષીય યુવાન કોરોનાના સંક્રમણનો ભોગ બન્યો છે. આ યુવાનની સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી છે. જયારે સે-૨૭ માં મોબાઈલની દુકાન ધરાવતા ૩૭ વર્ષીય યુવાન પણ કોરોનામાં સપડાયો છે. જેના ઘરના પાંચ સભ્યોને કવોરન્ટાઈન કરાયા છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલ વધુ એક દર્દીનું સારવાર દરમિયાન આજે મોત થયુ છે. આ દર્દી સે. ૨૪ નું હોવાનું જાણવા મળેલ છે. આ સાથે શહેરમાં નોંધાયેલ દર્દીઓમાંથી ૧૦ દર્દીઓના મોત થયા છે. શહેરનો મૃત્યુઆંક પણ બે આંકડામાં પહોંચતા તંત્રમાં અને લોકોની ચિંતામાં વધારો થયો છે.

# જિલ્લામાં વધુ ૨૭ કેસ નોંધાયા

## સારવાર દરમિયાન સરઢવના વૃદ્ધાનું મોત : ૨૩ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ : ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૧૨, માણસામાં ૧ અને દહેગામમાં ૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૭ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. સારવાર દરમિયાન આજે વધુ એક દર્દીનું મૃત્યુ થયુ છે.

મળતી વિગતો મુજબ સરઢવના વૃદ્ધાને કોવિડ-૧૯ની સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તેમનુ આજે સવારે સારવાર દરમિયાન મોત થયુ છે.

સરઢવ ખાતે કોરનામાં આ બીજુ મૃત્યુ નોંધાતા ગ્રામજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

જિલ્લામાં નોંધાયેલા દર્દીઓ પૈકી સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૫૮ થઈ છે. જિલ્લામાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. કોરોના ઉપરાંતની બિમારી ધરાવતા દર્દીઓના મૃત્યુ વધારે નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૧૨, કલોલમાં ૧૨, દહેગામમાં ૨ અને માણસામાં ૧ કેસ આજે નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે રહેતા એક ૬૧ વર્ષીય નિવૃત્ત જીવન જીવતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તંત્રએ આ પુરૂષ દર્દીના પરિવારને ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

આ ઉપરાંત છાલા ખાતેથી પણ એક પ્રવાસી શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ શિક્ષકના પરિવારને પણ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તાલુકાના શેરથા ગામેથી એક જ દિવસમાં ૪ કેસ પોઝીટીવ મળી આવતાં તંત્ર દોડતુ થયુ છે. કસ્તુરીનગર નજીક આ ગામ આવેલુ છે અને અહિ વાહન વ્યવહાર પણ સારો રહેતો હોવાથી કેવી રીતે સંક્રમણ થયુ તેને લઈ તંત્રએ ઊંડી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શેરથામાંથી ૪૫ વર્ષીય પુરૂષ, ૬૦ વર્ષીય પુરૂષ, ૪૬ વર્ષીય સ્ત્રી તેમજ ૨૦ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજ ગામેથી પણ ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાં પણ ધીમી ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે અને તંત્રની ચિંતા વધી રહી છે.

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામેથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. પેથાપુરમાંથી ૫૦ વર્ષીય પુરૂષ, ૫૪ વર્ષીય પુરૂષ અને ૨૩ વર્ષીય સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુર પણ ગાંધીનગરની સાથે સાથે વિકાસ પામી રહેલ છે. પેથાપુરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તે જોતાં પેથાપુર પણ હોટસ્પોટ તરીકે ઉભરી શકે છે તેવી ચિંતા તંત્રમાં ઉભી થઈ છે. ઉત્તર ગુજરાતના મહેસાણા તરફથી આવતાં પેથાપુર એન્ટ્રી પોઈંટ ગણાય છે.

વાવોલમાં પણ ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો ઉનાવામાંથી પણ વધુ એક કેસ કોરોનાનો નોંધાયો છે. ઉનાવામાંથી ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

દહેગામ તાલુકાના ધમીજમાંથી એક ૫૫ વર્ષીય પુરૂષનો તેમજ અર્બન વિસ્તારમાંથી એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માણસામાં લોદરા ખાતેથી ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ગ્રામ્ય ઉપરાંત અર્બન વિસ્તારમાંથી કેસો મળી આવ્યા છે. આજે તાલુકાના બોરીસણા, નાદરી, પલસાણા ગામેથી કેસો મળી આવ્યા છે. આ ઉપરાંત શહેરમાંથી નવ કેસ મળી આવ્યા છે. એક દર્દીને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે. બે દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે તો અન્ય દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની બે બેઠકો ઘટી હવે ૨૮ થશે

## કલોલ તાલુકા પંચાયત ૨૬, માણસા ૨૬, દહેગામ તાલુકા પંચાયતની ૨૮ બેઠકો નિયત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ૧૯ ગામ અને ૧ નગરપાલિકા વિસ્તારને ગાંધીનગર શહેરમાં ભેળવ્યા બાદ ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી બેઠકોની સંખ્યા ૨૮ નિયત કરાઈ છે.

જિલ્લા પંચાયતની હાલ ૩૦ બેઠકો છે. આ ગામો ભેળવતા પંચાયતની બે બેઠકો ઘટશે. આ અંગે રાજ્ય સરકાર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે.

૩જી તારીખે પ્રસિદ્ધ કરાયેલ આ જાહેરનામામાં જણાવાયા મુજબ જિલ્લા પંચાયતની કુલ બેઠક ૨૮ રહેશે. જેમાં એક બેઠક અનુ. જાતિ માટે, ૧ બેઠક અનુ. જન જાતિ માટે, ૩ બેઠક સામાજિક અને શૈક્ષણિક વર્ગ માટે અનામત રહેશે.

અનુ. જાતિની ૧ બેઠક મહિલા માટે અનામત રહેશે જ્યારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત રખાયેલી ૩ બેઠકો પૈકી ૨ બેઠક મહિલા માટે અનામત રહેશે. ૨૩ બેઠકો સામાન્ય રહેશે. જો કે ૧૧ બેઠકો મહિલાઓ માટે હશે.

જિલ્લા પંચાયતની સાથે એક અન્ય જાહેરનામામાં દહેગામ તાલુકા પંચાયત માટે ૨૮, કલોલ તા.પં. માટે ૨૬ અને માણસા તા.પં. માટે પણ ૨૬ બેઠકો નિયત કરવામાં આવી છે.

કલોલ તા.પં.ની બે બેઠકો ઘટવા પામી છે. જ્યારે માણસાની બે બેઠક વધવા પામી છે. ગાંધીનગર તા.પં.ની મુદત પૂર્ણ થવામાં અઢી વર્ષ જેટલો સમય બાકી હોવાથી તેની સંખ્યા હજુ જાહેર કરવામાં આવી નથી.

# મનપાની સ્થાયી સમિતિએ ભરતીના નિયમો સાથે બધા કામો મંજૂર કર્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં એજન્ડા પરના તમામ મુદ્દાઓને બહાલી આપવામાં આવી હતી.

સ્થાયી સમિતિની બેઠક પૂર્વે મનપા ચૂંટાયેલી પાંખની બેઠકમાં નેતાઓ વચ્ચે શાબ્દિક સંઘર્ષ થયો હોવાની વાતોએ પણ પાટનગરના રાજકીય વાતાવરણને ગરમ રાખ્યુ હતુ.

સ્થાયી સમિતિએ આજે ભરતીના નિયમોને વિસ્તૃત ચર્ચાને અંતે બહાલી આપી સામાન્ય સભાની મંજૂરી માટે મોકલ્યા છે. જોકે સ્થાયી સમિતિએ ભરતીના નિયમોમાં ૬ થી વધુ સૂચનો સૂચવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગુડાની બોર્ડ બેઠકનું બ્હાનુ આગળ ધરી આજે સતત ૬ઠ્ઠી બેઠકમાં પણ મ્યુનિ. કમિશનર હાજર રહ્યા ન હતા.

સ્થાયી સમિતિએ આજે એજન્ડામાં સૂચવાયેલા અન્ય કામો ઝડપથી મંજૂર કર્યા હતા અને ભરતીના નિયમો પર સારી એવી વિસ્તૃત ચર્ચાઓ કરી અને સુધારા સાથે તેને બહાલી આપી સામાન્ય સભા માટે મોકલવામાં આવ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com